**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૫/૦૯/૨૦૧૭ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૬૦/૧૭**

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

**મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા ડુપ્લીકેટ કાઈમ બ્રાન્ચ ના પોલીસ ની ખોટી ઓળખ આપી વેપારીનુ અપહરણ કરી બળજબરીથી વેપારીના રોકડ નાણા રૂપીયા ૭૦,૦૦૦/- તથા એ.ટી.એમ.કાર્ડ કાઢી લઈ એ.ટી.એમ.કાર્ડ નો પીન નંબર મેળવી ફરીયાદીની જાણ બહાર ફરીયાદીના ખાતામાંથી નાંણાં રૂપિયા ૧,૩૨,૬૫૦/- કાઢી લેતા આરોપીઓને રોકડ નાંણા રૂપિયા ૨૫૦૦૦/- તથા હિરો સ્પ્લેન્ડર મો.સા. કિંમત રૂપિયા ૪૫૦૦૦/- મળી કુલ્લે રૂપીયા ૭૦૦૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ગુનાઓનો ભેદ ઉકેલતી મેઘાણીનગર પોલીસ**

મે.પોલીસ કમીશ્નર શ્રી તથા અધીક પોલીસ કમી શ્રી સેક્ટર -૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તથા સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી ડી.એસ.પુનડીયા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ.એલ.ભુનાતર સાહેબનાઓની સુચના મુજબ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા બનતા મીલકત સબંધી ગુના બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા મેઘાણીનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ પો.સ.ઇ કે.પી.તરેટીયા તથા સાથેના સ્ટાફના માણસો હે.કો.દિલીપભાઈ ઈશ્વરભાઈ બ.નં.૭૬૨૦ તથા હે.કો રમેશકુમાર વશરામભાઇ બ.નં-૭૮૫૪ તથા હે.કો.હસમુખભાઇ જીતાભાઇ બ.નં-૩૪૪૩ તથા પો.કો સંજયકુમાર ઘાંસીરામ બ.નં-૮૭૫૧ તથા પો.કો.સંદિપકુમાર મંગાભાઈ બ.નં.૩૬૮૯ તથા પો.કો.મનોજસિંહ મુકુંદસિંહ બ.નં. તથા એલ.આર. પીયુષકુમાર નટવરલાલ બ.નં-૬૫ તથા એલ.આર. પ્રકાશકુમાર ભીખાભાઇ બ.નં-૩૧૪ તથા એલ.આર.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.નં.૨૭૩નાઓએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાખલ થયેલ નીચે મુજબનો ગુનો શોધી કાઢી નીચે મુજબની સફળ કામગીરી શોધેલ છે.

મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૧૨૫/૧૭ ઇપીકો કલમ ૩૬૫,૧૭૦,૩૮૪,૩૨૩,૧૧૪ તથા આઈ.ટી.એક્ટ કલમ ૬૬ મુજબના કામના આરોપી નં (૧) ઈમરાનખાન ઈમ્તીયાઝખાન પઠાણ ઉ.વ.-૨૪ રહે.મકાન નં.-૧૧૧ ગરીબનગર રૂપ ડેકોરેશનની સામે રખિયાલ રોડ અમદાવાદ તથા (૨) મોહંમદ ઈલીયાસ ઉર્ફે સમરોજ મોહંમદ હનીફ કુરેશી ઉ.વ.૨૮ રહે.સિલ્વર પાર્ક શુકુન સોસાયટીની અંદર સરખેજ પો.સ્ટે.ની સામે સરખેજ અમદાવાદ શહેર હાલ રહે.ફતેહવાડી કેનાલ કસ્બા પાર્કની પહેલા ફાતિમા રેસીડેન્સી પાસે સાહીલ કીરાણા સ્ટોર્સની બાજુની ગલીમાં સરખેજ અમદાવાદ નાઓને તેઓની પાસેથી રોકડ નાણા રૂપિયા ૨૫૦૦૦/- તથા હિરો સ્પ્લેન્ડર મો.સા. કિંમત રૂપીયા ૪૫૦૦૦/- મળી કુલ્લે રૂપીયા ૭૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલેલ છે અને વિસ્તરના માણસોને સુરક્ષા તથા શાંતિનો અહેસાસ કારાવેલ છે અને હાલ વિસ્તરમાં શાંતિ છે.

## શહેરકોટડા પોલીસ સ્ટેશન :

**જ્યોતિષ વિદ્યાના બહાને વિશ્વાસઘાત છેતરપીંડી કરનાર આરોપીને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ**

સંયુક્ત પોલીસ કમિ.શ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ એન.એ.મુનિયા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરી તથા સે.પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એ.ડી.ગોહીલ સાહેબના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. જે.એ.બારોટ સાહેબ નાઓએ શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુરનં-૧૭૭/૨૦૧૭ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦ મુજબ ના ગુનાની ફરીયાદના કામે ફરીયાદી શ્રી ચન્દ્રીકાબેન વા/ઓ જીતેન્દ્રભાઈ કેશવલાલ પટેલ ઉવ. ૪૦ રહે, ૧૧૬૧, લુહારશેરી, સરસપુર, અમદાવાદ શહેર નાને આરોપી રાજેશ ઉર્ફે રાજુ સ/ઓ સોહનલાલ રાવલ ઉ.વ.૩૨ રહે. ૩/બી/૧૦૫ ઔડાના મકાનમાં બલોલ નગર નવા વાડજ અમદાવાદ શહેર મુળ ગામ ડેગાના સદર બજાર પાસે બાલાજી મંદીર પાસે તા.ડેગાના જી.નાગોર રાજસ્થાનનાએ જ્યોતિષ વિદ્યાના બહાને ફરી. શ્રીની શરીરની બિમારી દુર કરી નાખીશ તેવા વિશ્વાસમાં લઈ ફરી શ્રી પાસેથી (૧) રોકડા રૂ.૭૦૦૦/- (૨) સોનાની વિંટી કિ.રૂ. આશરે ૪૫૦૦/- (૩) જોડ બુટ્ટી કિ.રૂ.આશરે ૩૫૦૦/- (૪) સોનાનુ પેન્ડલ કિ.રૂ.આશરે ૨૦૦૦/- (૫) સોનાનો દોરો કિ.રૂ.૧૭૦૦૦/- .મળી કુલ્લે કિ.રૂ.૩૪,૦૦૦/- નો મુદ્દામાલ મેળવી જેમાં સોનાના દાગીનાઓ વિધી કરી પરત આપવાનુ કહી દાગીના ફરી.શ્રી લેવા જતા ગલ્લા તલ્લા કરી દાગીના પરત નહી આપી તેમજ ફરી શ્રીની બિમારી દુર નહિ કરી આરોપીએ ફરી. શ્રી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરેલ જે બાબતના ગુનાની તપાસમાં તજવીજ પોલીસ સબ ઇન્સ. જે.એ.બારોટ નાઓએ હાથ ધરી આરોપીને કલાક ૦૨/૦૦ વાગ્યે પકડી અટક કરી આરોપીની પુછ પરછ કરતા આરોપીએ ગુનાની કબુલાત કરતા આ કામે ફરી.શ્રીના રોકડ રૂપિયા તથા સોનાના દાગીનાઓ રિક્વર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને આગળની વધુ તપાસ હાલમાં પો.સબ ઇન્સ.શ્રી જે.એ.બારોટ નાઓ ચલાવી રહેલ

આ ગુનાના કામે આરોપીની સધન પુછ પરછ કરતા આરોપીએ ઉપરોક્ત ગુના સિવાય અગાઉ અલગ અલગ યજમાનોને વિશ્ર્વાસમાં લઇ તેઓ પાસેથી દાગીના તથા રૂપિયા પડાવેલ જેમાં નં-૧ કિષ્ણાબેન સુખદેવસિંહ રાણા રહે, ચિત્રા રોડ પ્રેસ ક્વાટર્સ મિલેટ્રી સોસાયટીની બાજુમાં ભાવનગર નાઓ કે જેઓ આશરે ૬૦ વર્ષના ઉમંર લાયક બેન છે તેમના ઘરમાં ઘર કંકાસ દુર કરવા માટે મે તેમની પાસેથી વિશા યંત્ર તથા મિથુન રાશીનો લીલો નંગ તથા એક ચાંદીની વિંટી તથા રોકડા રૂ.૩૦,૦૦૦/- લીધેલ હતા.

નં-૨ રીનાબેન કલ્પેશભાઇ દવે રહે, ૨૦૮ હુડકોના મકાનમાં કોઠારીયા રોડ રાજકોટ નાઓના ઘરમાં ઘર કંકાસ હોય જે દુર કરવા માટે તેમની પાસેથી સોનાના દાણા આશરે રૂ.૨૦,૦૦૦/-ની કિંમતના તથા રોકડા રૂ.૧૮૦૦/- લીધેલ હતા

નં-૩ ધવલ ધીરૂભાઇ રાદડીયા રહે, મ.નં.૧૦ સ્વાતીપાર્ક કોઠારીયા રોડ રાજકોટ નાઓની કુંડળી જોઇ વશીકરણ માટે તેમની પાસેથી રોકડા રૂ.૧૫૦૦/- લીધેલ

નં-૪ કેતન જયેન્દ્રભાઇ ગજેરા રહે, ઇશ્ર્વર કુપા સોસાયટી માતાવાડી ત્રીકમનગર સુરત નાઓ પાસેથી વશીકરણ કરાવવા માટે રૂ.૫૭૦૦/- લીધેલ જે રૂપિયા તેમણે મારા બેંક એકાઉન્ટમાં જમા કરાવેલ છે.

નં-૫ ભરતભાઇ વાઘજીભાઇ પઢીયાર રહેર, ગામ શીવપુર તા.હડવદ જી.મોરબી કે જેઓ ઉ.વ.આશરે ૫૦ના હોય અને તેમને બપોરના સમયે ખરાબ સપના આવતા હોય જેના નિરાકરણ માટે તેઓ પાસેથી રૂ.૫૫૦/- લીધેલ હતા તેમની પાસેથી મે દાગીના મંગાવેલ પરંતુ તેઓએ કોઇ કારણસર દાગીના મને આપેલ નથી

નં-૬ અલકાબેન રમેશભાઇ પટેલ રહે, અલકાપુરી સોસાયટી જે.પી. રોડ વડોદરા નાઓ પાસેથી તેમના ભાઇને દારૂ છોડાવવા માટેની વિધી માટે રોકડા રૂ.૧૦,૦૦૦/- લીધેલ છે હોવાનુ જણાવેલ હતુ.

આરોપીને ઉપરોક્ત ગુનાના કામે અટક કરી આગળની વધુ તપાસ પો.સબ.ઈન્સ. જે.એ.બારોટ નાઓ ચલાવી રહેલ છે.

**<u>સરદારનગર પોલીસ સ્ટેશન :</u>**

આજરોજ મે.પોલીસ કમિશ્નર સા. શ્રી તથા સેકટર -૨ સાહેબ તથા ઝોન-૪ સાહેબની સુચનાથી તથા "જી" ડીવીઝન સાહેબ તથા પો.ઇન્સ શ્રી એચ.બી. ઝાલા સહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ પી.જે.ખરસાણ તથા પો.કો. સંદીપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ તથા પો..કોન્સ. શક્તિસિંહ લાલુભા બ.ન.૩૧૨૯ તથા પો.કો પ્રવિણસિંહ દેવેંદ્રસિંહ બ.નં.૪૮૯૭ તથા પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૫૬ નાઓ સાથે આજરોજ તા:૧૩/૦૯/૨૦૧૭ ના ભારત દેશના વડા પ્રધાન તથા જાપાન દેશના વડા પ્રધાન ગુજરાત ખાતે પધારેલ હોઇ ક:૧૩/૦૦ થી સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા કોઇ અનઇચ્છનીય બનાવ ન બને તે સારુ પેટ્રોલીંગમા હતા દરમ્યાન ક:૨૨/૦૦ વાગ્યાના સુમારે હાંસોલ તલાવડી પાસે ઇશ્વર ચશ્માઘર સામે રોડ ઉપર આવતા સાથેના પો.કો. સંદીપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ તથા પો..કોન્સ. શક્તિસિંહ લાલુભા બ.ન.૩૧૨૯ નાઓને સંયુક્ત બાતમી હકિકત આપેલ કે બે ઇસમો ચોરી અથવા છળ કપટથી મેળવેલ એક કાળા કલરનુ પલ્સર મો.સા. નં.GJ-01-SY-2601 નુ લઇ હાંસોલ ગામ તરફથી આવી અત્રે થઇ એરેપોર્ટ સર્કલ તરફ જવાના છે જે બાતમી હકિકત આધારે પંચો રૂબરૂ બે ઇસમો નામે <u>(૧) અંકીત જુજારસિઘ ડાહીયા ઉ.વ.૧૮</u> રહેવાસી- ૮૨૧૨/૫, અગ્યાર કોટર્સ પોલીસ લાઇન પાછળ સરદારનગર અમદાવાદ શહેર તથા <u>(૨) જગદીશ લલીતકુમાર નેણવાણી ઉ.વ.૧૮</u> રહેવાસી- ૮૨૧૨/૨, અગ્યાર કોટર્સ પોલીસ લાઇન પાછળ સરદારનગર અમદાવાદ શહેર નાઓ ઉપરોક્ત <u>બજાજ પલ્સર મો.સા. **નં.GJ-01-SY-2601**</u> કિ.રૂ.30,000/- પંચનામા વિગતે સી.આર.પી.સી.-૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી બંને <u>ઇસમોને ક:૨૩/30 વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી</u> મુજબ પકડી અટક કરેલ જેઓનીપુછપરછ કરતા સદર મો.સા. પોતે રાણીપ પોલીસ સ્ટેશનની હદ માથી ચોરેલ હોવાનુ જણાવતા હોઇ તપાસ કરતા રાણીપ પો.સ્ટે. ફસ્ટ.ગુ.ર.ન.૬૬/૨૦૧૭ ઇ.પી.કો. કલમ-૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોઇ જેથી રાણીપ પોલીસ સ્ટેશનનો ગુનો ડિટેક્ટ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ











નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.